ગુજરાત સમાચાર, ગાંધીનગર આવૃત્તિ

પાના નંબર :- ૦૧

તારીખ :- ૦૧ | ૦૧ | ૨૦૨૬

### સાબરમતી નદીમાં ગિફ્ટસિટી-પીડીઈયુ પાસે યુધ્ધના ધોરણે કામગીરી

# ગાંધીનગરને રિવરફ્રન્ટની ગિફ્ટ મળશે અમદાવાદ સાથે જોડાવાનો નવો રસ્તો

ગાંધીનગર,બુધવાર

અમદાવાદ રીવરફ્રન્ટને લંબાવવાની કામગીરી એક બાજુ અમદાવાદથી ભાટ-કરાઈ તરફ કરવામાં આવી રહી છે તો બીજીબાજુ ગિફ્ટસિટી-પીડીઈયુ વચ્ચે પણ નવા ફેસમાં રીવરફ્રન્ટ બનાવવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. અહીં વર્ષ ૨૦૨૬ના અંત સુધીમાં રીવરફ્રન્ટ નિર્માણ કરી દેવાની ડેડલાઈન આપી દેવામાં આવી છે. ત્યાર બાદના તબક્કામાં ખુટતા ભાગને જોડવાનો પણ પ્રોજેક્ટ છે.

સાબરમતી નદી પરના ગાંધીનગર-અમદાવાદ ટ્વીનસિટી છે ત્યારે આ બંને શહેરને જોડતો વધુ એક માર્ગ સામે આવી રહ્યો છે. અમદાવાદમાં રીવરફ્રન્ટ બની ગયો છે તેને ગાંધીનગર તરફ લંબાવવામાં આવી રહ્યો છે ત્યારે ગાંધીનગર મહાનગર-જિલ્લાની હદમાં પણ ત્રણ તબક્કામાં રિવરબ્રન્ટનું કામ કરવામાં આવનાર છે.

પીડીઈયુ પાછળ ગિફ્ટ સિટ વચ્ચે રીવરફ્રન્ટ માટેની કામગીરી યુધ્ધના ધોરણે કરવામાં આવી રહી છે ત્યારે આગામી દિવસોમાં ગાંધીનગર-અમદાવાદ રીવરફ્રન્ટથી પણ જોડશે તે નક્કી છે.

ગાંધીનગર-અમદાવાદ હવે મેટ્રો રેલ મારફતે પણ જોડાઈ ગયું છે.મેટ્રો રેલ હાલ સચિવાલયના પાછળ એટલે કે, છ રોડ સુધી પહોંચી ગઈ છે. ત્યારે વર્ષ ૨૦૨૬ના પ્રારંભે એટલે કે, પ્રથમ ૨૦ દિવસની અંદર જ આ મેટ્રો રેલને રોડ નં. પાંચ ઉપર દોડાવવામાં આવશે અને ત્યાંથી એલડીઆરપી થઈને ખ-રોડ મહાત્મા મંદિર સુધી લંબાવવામાં આવશે. આ

(અનુસંધાન બીજા પાને)

## સચિવાલય સુધી પહોંચેલી મેટ્રો રોડ નં. પાંચ થઈને મહાત્મા મંદિર સુધી દોડશે : ચ-0થી ઈન્દિરાબ્રિજ સુધી એઈટલેન થશે

અનુસંધાન પાના નંબર :- ૦૨ ઉપર

### ગાંધીનગરને

(પહેલા પાનાનું ચાલુ)

ઉપરાંત અમદાવાદ ગાંધીનગર વચ્ચેના રોડ માર્ગને પણ વધુ પહોળો કરવામાં આવશે. ચ-0થી ઈન્દિરાબ્રિજ વચ્ચે બે ઓવરબ્રિજ બની રહ્યા છે ત્યારે આ સમગ્ર માર્ગ એઈટ લેન કરવાની યોજના આગામી વર્ષ દરમ્યાન પ્રારંભ થશે.જે શહેરીવિસ્તારમાંથી પસાર થતો પ્રથમ એઈટલેન માર્ગ હશે.